જાહેરાત ક્રમાંક : ૧૫ / ૨૦૧૬ **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**

## ONLINE CCC EXAM FOR GOVERNMENT EMPLOYEE

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંક પરચ–૧૦–૨૦૦૫–૧૫૧૯–પાર્ટ–૧ (ક)તા.૧૮/૩/૨૦૧૬ & તા. ૨/૪/૨૦૧૬ પત્ર અન્વયે રાજય સરકારશ્રીનાવર્ગ– ૩ અને વર્ગ – ૪ સંવર્ગના સરકારી કર્મચારીઓની બઢતી / ઉચ્ચતર પગારધોરણ / નિયમીત નિમણુંક માટે આપવાની થતી કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. પરીક્ષા કેન્દ્રની માન્યતા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને આપવામાં આવેલ હોઈ સદર પરીક્ષા આપવા ઈરછુક સરકારી કર્મચારીઓ મ ાટેની રજીસ્ટ્રેશનની પ્રોસેસ તા. ૬/૭/૨૦૧૬ થી શરૂ કરવામાં આવનાર છે. ઓનલાઈન નોધણી થી શરૂ કરી પરિક્ષાના પરિણામ સુધીની તમામ આનુષંગિકમાહિતી વખતોવખત યુનિવર્સિટીની વેબસાઈટ www.ngu.ac.inની Link: "CCC –Examination For Government Employee"પર મૂકવામાં આવશે.

**નોંધ:**

૧.ઓનલાઈન નોધણીની પ્રક્રિયા નિયમીત ધોરણે ઓપન રાખવામાં આવશે.

૨. ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રોસેસ ધ્વારા જનરેટ થયેલ ફોર્મની પ્રિન્ટ કોપી સાથે જરૂરી ડોકયુમેન્ટ તથા સંસ્થાના સહી સિકકા કરાવીને કર્મચારીએ યુનિવર્સિટીના નીચે દર્શાવેલ હેલ્પ સેન્ટર ખાતે રૂબરૂ કે સ્પીડ પોસ્ટ ધ્વારા જ મોકલાવવાનું રહેશે. કુરીયર કે અન્ય પોસ્ટથી સ્વીકરાવામાં આવશે નહી. હેલ્પ સેન્ટર ખાતે વેરીફીકેશન બાદ પરીક્ષા નંબર ફાળવવામાં આવશે.

૩. દર મહિનાના અંત સુધીમાં રજીસ્ટ્રેશન સાથે વેરીફીકેશન પ્રોસેસ પૂર્ણ કરાવનાર કર્મચારીઓની પ રીક્ષા નંબર સાથેની યાદી , પરીક્ષા હોલ ટીકીટ,પરીક્ષા કાર્યક્રમ અને સૂચનાઓ ત્યારબાદના આવતા મહિનાના પ્રથમ અઠવાડિયામાં યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાંઆવશે અને પરીક્ષાના કાર્યક્રમ મુજબ નિયત કરેલ સમયે અને સ્થળે જ ઓનલાઈન સર્વર બેઈઝ સી.સી.સી પરીક્ષા રાજય સરકાર તથા યુનિવર્સિટીના ધારા ધોરણ અનુસાર વેબ કેમેરાની નિગરાની હેઠળલેવામાં આવશે.પરીક્ષા પૂર્ણ થયા બાદ પરીણામ વેબસાઈટ પર મૂકવામાં આવશે.

૪. ઓનલાઈન સર્વર બેઈઝ પ્રોસેસ તથા વેબ કેમેરાની નિગરાની હેઠળ સદર પરીક્ષા લેવામાં આવતી હોઈ પરીણામનું રી- એસેસમેન્ટ કે રી-ચેકીંગ કરવામાં આવશે નહી.વધુમાં માર્કશીટનું ફીઝીકલ વેરીફીકેશન રૂબરૂ કે ટપાલ ધ્વારા શકય ન હોઈ વેબસાઈટ પર દર્શાવેલ LINK પર જઈ ઓનલાઈન વેરીફીકેશન કરાવવાનું રહેશે.

૫. પરીક્ષા અંગેના તમામ પરિપત્રો , અભ્યાસક્રમ, પરીક્ષાર્થીઓની યાદી, પરીક્ષા કાર્યક્રમ ,સૂચનાઓ ,હોલટીકીટ, પરિણામનીકોપી,નોટીફીકેશન,હાજરી પત્રક ,વેરફીકેશન વગેરે માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ પર સમયાનુસાર મૂકવામાં આવશે.

૬. હેલ્પ સેન્ટરઃ Admission Cell (Government CCC Exam), Department of Mathematics, Hemchandracharya North Gujarat University, Patan -384265

Place: PATAN
Date: 02/07/2016

Dr. D.M. Patel
I/C Registrar